# બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

ધરાબેન આર. જોષી
Research Scholer,
H.N.G.UNI., PATAN.

**સંશોધન સારાંશ**

શિક્ષણકાર્ય એ એક ઉમદા વ્યવસાય છે. આ વ્યવસાયમાં શિક્ષક ભારતના નાગરિકોનું ઘડતર કરે છે. શિક્ષક વર્ગની બહાર અને અંદર ઉમદા પાત્ર ભજવે છે. કોઠારી કમિશન કહે છે કે "of all the different factors which influence the quality of education and its contribution to national development, the quality, competence and character of teachers are undoubtedly the most significant." (Report of the education commission – 1964-66, 1970, P-84) પ્રસ્તુત સંશોધન બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શાળાઓના શિક્ષકોના અભિપ્રાયો જાણવાનો હતો. આ અભ્યાસમાં સંશોધકે ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ૫૭ શિક્ષકોને નમૂના પસંદગીની પદ્ધતિઓમાંથી યાદચ્છિક પધ્ધતિથી પસંદ કર્યા હતા. અભિપ્રાયાવલિ દ્વારા અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. અભિપ્રાયાવલી ત્રિબિંદુ માપદંડ પર આધારિત હતી. જેમાં સંમત, તટસ્થ અને અસંમત એમ ત્રણ બિંદુને આધારે ગુણાંકન કરવામાં આવ્યું હતું. મેળવેલ માહિતીનું પૃથક્કરણ કાઈ વર્ગ દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ અંગે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના મંતવ્યો જાણવાનો હતો.

## ૧. પ્રસ્તાવના

આધુનિક સમાજમાં દિન-પ્રતિદિન આમૂલ પરિવર્તનો આવતા જાય છે. શિક્ષણ પ્રક્રિયા પણ પરિવર્તન ઝંખી રહી છે. તેથી વર્તમાન સમયમાં શિક્ષણ જગતમાં નૂતન અભિગમોનો વિકાસ થતો જોવા મળે છે. આ પરિવર્તનશીલ યુગમાં શિક્ષણનું મહત્વ વધારે છે. કોઈ પણ દેશની પ્રગતિ તેની શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષકોની સજ્જતા પર આધારિત છે. શિક્ષણને ઉચ્ચ બનાવવા શિક્ષક ઉત્તમ શારીરિક અને માનસિક સ્વસ્થ્ય ધરાવતો હોય, ઉચ્ચ ચારિત્ર્ય ધારક હોય, સ્પષ્ટ જીવનદર્શક હોય, નૈતિક બળ હોય, એના વિષયનો જ્ઞાતા હોય, બાળમનોવિજ્ઞાનનો જાણકાર હોય ઉપરાંત અસીમ શૈક્ષણિક કાર્યના પ્રત્યે ઉત્સાહિત હોય તથા પ્રગતિશીલ વિચારધારાનો અનુગામી હોય તે જરૂરી છે. આ ચાલુ વર્ષથી એટલે કે ૨૦૧૫થી સમગ્ર દેશની બધી જ યુનિવર્સિટીઓમાં બી.એડ્.નો અભ્યાસક્રમ બે વર્ષનો કરવામાં આવ્યો છે. શિક્ષણમાં સુધારણા કરવા માટે NCTE એ બે વર્ષનો બી.એડ્. અભ્યાસક્રમ અમલમાં મૂક્યો છે. એક વર્ષના બી.એડ્. અભ્યાસક્રમની જગ્યાએ બે વર્ષનો બી.એડ્. અભ્યાસક્રમ પરત્વે ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો શું મંતવ્યો ધરાવે છે. તે જાણવા હેતુસર આ અભ્યાસ હાથ ધરાયો છે.

## ૨. સમસ્યા

"બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ."

## ૩. સંશોધનના હેતુઓ

(૧) બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો મેળવવા અભિપ્રાયાવલિની રચના કરવી.

(૨) બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

૪. અભ્યાસ પ્રશ્ન

બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે?

૫. સંશોધન અભ્યાસની મર્યાદા

(૧) પ્રસ્તુત અભ્યાસક્રમમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોનો જ સમાવેશ થશે.

(૨) પ્રસ્તુત અભ્યાસ ગુજરાતી માધ્યમની શાળાઓના શિક્ષકો પૂરતો જ છે.

(૩) પ્રસ્તુત અભ્યાસમાં જાતિ, વિસ્તાર, કેટેગરી, ઉંમર વગેરે જેવા ચલોનો સમાવેશ કરેલ નથી.

૬. સંશોધન પધ્ધતિ

એક જ સમયે વિશાળ નમૂનાના પાત્રો પાસેથી માહિતી એકત્રિત કરી સામાન્યીકૃત અવલોકનો કે આંકડાકિય માહિતી રજૂ કરવાની પધ્ધતિને સર્વેક્ષણ કહે છે. પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા સંશોધન હાથ ધર્યુ હતુ, કારણે આ સંશોધનમાં બે વર્ષ બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો મેળવવાના હતા.

૭. સંશોધન અભ્યાસનુ મહત્વ

(૧) પ્રસ્તુત સંશોધનની બે વર્ષ બી.એડ્. અભ્યાસક્રમ વિશે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે તે જાણવા મળશે.

(૨) પ્રસ્તુત સંશોધનથી બે વર્ષ બી.એડ્. અભ્યાસક્રમ કેટલે અંશે યોગ્ય છે તે જાણવા મળશે.

૮. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વિસનગર તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના બધા જ શિક્ષકોને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા હતાં.

૯. નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે વિસનગર શહેરની ઉચ્ચ પ્રાથમિક વિભાગના ૫૭ શિક્ષકોને લેવામાં આવ્યા હતા.

ઉપકરણનું મહત્વ સમજાવતા સુખિયા અને મહેરા જણાવે છે કે "The selection of instruments or tools is of vital importance for succesful Research."

૧૦. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક સ્વરચિત અભિપ્રાયાવલિની રચના કરી હતી. જેમાં અભિપ્રાયાવલિમાં ૨૦ વિધાનો રાખવામાં આવ્યા હતા. અભિપ્રાયાવલિ ત્રિબિંદુ માપદંડ પર આધારિત હતી. જેમાં સંમત, તટસ્થ અને અસંમત એમ ત્રણ બિંદુને આધારે ગુણાંકન કરવામાં આવ્યુ હતુ.

૧૧.માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં અભિપ્રાયાવલિની રચના કર્યા બાદ શાળાના ૫૭ શિક્ષકો પાસેથી સંપૂર્ણ રીતે ભરાયેલા અભિપ્રાયાવલિ પ્રાપ્ત કરાઈ હતી.

૧૨. માહિતી પૃથક્કરણ પધ્ધતિ

અભિપ્રાયાવલિ દ્વારા મેળવેલ માહિતી ત્યારે જ અર્થપૂર્ણ બને જ્યારે તેનુ પૃથક્કરણ યોગ્ય આંકડાશાસ્ત્રીય રીતે કરવામાં આવે. પ્રસ્તુત સંશોધનમાં સંમત, તટસ્થ, અસંમત એમ ત્રિબિંદુને આધારે ગુણાંકન કરવામાં આવ્યુ હતુ અને કાઈ વર્ગ મૂલ્ય શોધવામાં આવ્યુ હતુ.

બે વર્ષના બી.એડ્. અભ્યાસક્રમ સંદર્ભે ઉચ્ચ પ્રાથમિક શાળાઓના શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.
(કુલ શિક્ષકોની સંખ્યા – ૫૭)

| ક્રમ | વિધાન | સંમત | તટસ્થ | અસંમત | કાઈ વર્ગ $\chi^2$ | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| 1. | આ અભ્યાસક્રમ નવા આવનાર પડકારોનો સામનો કરવા સમર્થ બનાવે છે. | 45 | 3 | 9 | 54.4 | 0.01 |
| 2. | દેશના શિક્ષણનુ સ્તર ઊંચુ લાવવા બે વર્ષનો અભ્યાસક્રમ અત્યંત આવશ્યક છે. | 44 | 4 | 9 | 50.0 | 0.01 |
| 3. | નવિન વિષયો વૈશ્વિક પ્રકારનુ અધ્યયન કરવામાં સક્ષમ બનાવે છે. | 46 | 6 | 5 | 57.6 | 0.01 |
| 4. | રાષ્ટ્રિય કક્ષાએ ઉત્તમ શિક્ષકોનું નિર્માણ કરશે. | 43 | 5 | 9 | 45.9 | 0.01 |
| 5. | બે વર્ષના અભ્યાસક્રમને પરિણામે ખૂબ જ કંટાળાજનક અને ભારરૂપ પરિસ્થિતિ ઊભી થાય છે. | 5 | 6 | 46 | 57.6 | 0.01 |
| 6. | સંરચનાવાદ અભિગમ આધારિત અભ્યાસક્રમને લીધે પ્રશિક્ષણ કાર્યક્રમની અસરકારકતા વધી છે. | 51 | 2 | 4 | 80.9 | 0.01 |
| 7. | ક્ષેત્ર સાથે વિનિયોગને કારણે તાલીમાર્થીઓ વધુ સારી રીતે શિક્ષણની વિભાગનાને સમજી શક્યા છે. | 18 | 9 | 30 | 11.7 | 0.01 |
| 8. | સમય અને શક્તિનો બગાડ થાય છે. | 32 | 10 | 15 | 14 | 0.01 |
| 9. | સમાજમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં ઘટાડો કરશે. | 18 | 4 | 35 | 25.35 | 0.01 |
| 10. | શિક્ષણ - પ્રશિક્ષણની ગુણવત્તા સુધરશે. | 18 | 3 | 36 | 28.6 | 0.01 |
| 11. | સમાજમાં સારા શિક્ષકો પ્રાપ્ત થશે. | 40 | 12 | 5 | 36.1 | 0.01 |
| 12. | સામાજિક સમસ્યાઓ ઊભી કરશે. | 11 | 14 | 32 | 13.57 | 0.01 |
| 13. | ઈન્ટર્નશીપમાં તાલીમાર્થીઓ શિક્ષકની ગરજ સારશે તેથી શાળાઓનો કાર્યબોજ ઘટશે. | 31 | 10 | 16 | 12.25 | 0.01 |
| 14. | ભાવિ શિક્ષકો વૈશ્વિકસ્તરની ગુણવત્તા ધરાવતા બનશે. | 49 | 5 | 3 | 71.17 | 0.01 |
| 15. | તાલીમાર્થીઓ વચ્ચે પરસ્પર નિકટતા વધશે જે સમાજિક પ્રગતિમાં અનુકૂળ વાતાવરણ ઊભુ કરશે. | 38 | 7 | 12 | 29.16 | 0.01 |
| 16. | માઈક્રોટીચીંગને અભાવે તાલીમાર્થીઓ વધુ સારી રીતે પાઠ આયોજનની વિભાવના સમજી શકતા નથી. | 34 | 12 | 11 | 17.79 | 0.01 |
| 17. | વધુ સમયગાળો હોવાથી તાલીમાર્થીઓને સામાજિક સમસ્યાઓનો ભોગ બનવુ પડે છે. | 36 | 7 | 14 | 24.1 | 0.01 |
| 18. | ઈન્ટર્નશીપ કાર્યક્રમનો સમયગાળો વધારે હોવાથી તાલીમાર્થીઓ માટે શિક્ષણકાર્ય કંટાળાજનક બને છે. | 30 | 11 | 16 | 10.21 | 0.01 |
| 19. | જૂના અભ્યાસક્રમ કરતા નવા અભ્યાસક્રમમાં વિષયો વધારે હોવાથી તે ભારરૂપ બને છે. | 45 | 6 | 6 | 53.4 | 0.01 |
| 20. | વાલીઓ પર વધુ ફીનો બોજ પડે છે. | 34 | 10 | 13 | 17.99 | 0.01 |

df = 2 હોય ત્યારે 0.01 કક્ષાએ સારણી પરથી t નુ મૂલ્ય 9.21 છે.

૧૩. તારણો

(૧) આ અભ્યાસક્રમ નવા આવનાર પડકારોનો સામનો કરવા સમર્થ બનાવે છે.
(૨) દેશના શિક્ષણનુ સ્તર ઊંચુ લાવવા બે વર્ષનો અભ્યાસક્રમ અત્યંત આવશ્યક છે.
(૩) નવિન વિષયો વૈશ્વિક પ્રકારનુ અધ્યયન કરવામાં સક્ષમ બનાવે છે.
(૪) રાષ્ટ્રિય કક્ષાએ ઉત્તમ શિક્ષકોનું નિર્માણ થશે.
(૫) બે વર્ષના અભ્યાસક્રમને પરિણામે ખૂબ જ કંટાળાજનક અને ભારરૂપ પરિસ્થિતિ ઊભી થાય છે.
(૬) સંરચનાવાદ અભિગમ આધારિત અભ્યાસક્રમને લીધે પ્રશિક્ષણ કાર્યક્રમની અસરકારકતા વધી છે.
(૭) ક્ષેત્ર સાથે વિનિયોગને કારણે તાલીમાર્થીઓ વધુ સારી રીતે શિક્ષણની વિભાગનાને સમજી શક્યા છે.
(૮) સમય અને શક્તિનો બગાડ થાય છે.
(૯) સમાજમાં શિક્ષિણ બેરોજગારોની સંખ્યામાં ઘટાડો કરશે.
(૧૦) શિક્ષણ - પ્રશિક્ષણની ગુણવત્તા સુધરશે.
(૧૧) સમાજમાં સારા શિક્ષકો પ્રાપ્ત થશે.
(૧૨) સામાજિક સમસ્યાઓ ઊભી થશે.
(૧૩) ઈન્ટર્નશીપમાં તાલીમાર્થીઓ શિક્ષકની ગરજ સારશે તેથી શાળાઓનો કાર્યબોજ ઘટશે.
(૧૪) ભાવિ શિક્ષકો વૈશ્વિકસ્તરની ગુણવત્તા ધરાવતા બનશે.
(૧૫) તાલીમાર્થીઓ વચ્ચે પરસ્પર નિકટતા વધશે જે સમાજિક પ્રગતિમાં અનુકૂળ વાતાવરણ ઊભુ કરશે.
(૧૬) માઈક્રોટીચીંગને અભાવે તાલીમાર્થીઓ વધુ સારી રીતે પાઠ આયોજનની વિભાવના સમજી શકતા નથી.
(૧૭) વધુ સમયગાળો હોવાથી તાલીમાર્થીઓને સામાજિક સમસ્યાઓનો ભોગ બનવુ પડે છે.
(૧૮) ઈન્ટર્નશીપ કાર્યક્રમનો સમયગાળો વધારે હોવાથી તાલીમાર્થીઓ માટે શિક્ષણકાર્ય કંટાળાજનક બને છે.
(૧૯) જૂના અભ્યાસક્રમ કરતા નવા અભ્યાસક્રમમાં વિષયો વધારે હોવાથી તે ભારરૂપ બને છે.
(૨૦) વાલીઓ પર વધુ ફીનો બોજ પડે છે.

સંદર્ભ સૂચિ


1. Best John W. (1998) Research in Education. New Delhi Prentiee Hall of India fifth.
2. Borg. W. R. & Gall M. D., (1989). Educational Research : An introduction (4th Edi.). New York: Lngman.
3. Shukhia S. P. Mehrotra B., Elements of Educational Research. Bombay : Allied Publisher (Pvt) Ltd. 1996.
4. ઉચાટ, ડી.એ. (૧૯૯૭), સામાજિક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારૂ આધારો. રાજકોટ : પારસ પ્રકાશન.
5. દેસાઈ, એચ. જી. અને કે. જી. દેસાઈ (૧૯૯૭) સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ (છઠ્ઠી આવૃત્તિ) અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.